# સંવેદન

*ગઝલ ગાયકી કાંઈ દરેક ગાયકના વશની વાત નથી અને બેગમ અખ્તરને સાંભળ્યા પછી તો આ વાત દૃઢ થઈ જાય. બેગમ અખ્તર પાસે જે કંઠ હતો તે બેનમૂન હતો. તેમની ગઝલ ગાયનની શૈલી હતી તે પીડાનાં ઊંડાણને એ રીતે સ્પર્શતી કે સાંભળનાર તેમાં વહ્યા વિના ન રહે. ગાયકીની શાસ્ત્રીયતા તેનું એ રીતે અંગ બનતી કે તમે તેને નોખું તારવી ન શકો. યજ્ઞેશ દેવનાં કાને આ અવાજ વારંવાર ચડયો છે, એટલે તેમના વિશે લખે તો મહેફિલ સજે છે.*

# બેગમ અખ્તર, યૂં તો હર શામ ઉમ્મીદોં મેં ગુજર જાતી થી

## સુન મેરે બંધુ રે...

- યજ્ઞેશ દવે

અડધી રાત થવા આવી છે. દિવસના કલહ કોલાહલનો કાદવ આછરી ગયો છે, મન નિસ્તરંગ શાંત થઈ ગયું છે, ત્યારે એ ભીતર બહારની શાંતિમાં રેડિયો પરથી એક ગઝલ તરતી તરતી મારા કાન સુધી આવે છે. એ ગઝલના શબ્દો, એ



શબ્દોમાં રહેલો અર્થ, તેને ગાતો કંઠ, એ કંઠમાં છુપાયેલી વ્યથા બધું એકાકાર થઈ ગયું છે. એ ગઝલ છે: 'એ મોહબ્બત તેરે અંજામ પે રોના આયા.' વિફળ પ્રેમની વિરહની વેદના કોઈને કહી ન શકાય. જાતને જ કહેવી પડે અને જાતને જ સાંભળવી પડે. એ અવાજમાં એવી કશીશ છે કે જાણે કોઈ ખંડિતા નાયિકા સ્વયં ગાતી હોય. બેગમ અખ્તરના ઘેરા વહેતા અવાજનું આકર્ષણ જ કંઈક અનોખું છે. એક વાર સાંભળો પછી ભૂલી ન શકો. 'યૂં તો હર શામ ઉમ્મીદોં મેં ગુજર જાતી થી'- સાંભળીને જાણે આપણે પણ કોઈ આશામાં ને આશામાં અનેક સાંજો વિતાવી હોય અને એક સાંજે એવી નિરાશા સાંપડે કે રાહ જોયેલી બધી સાંજ પર રોઈ નાખવાનું મન થાય. એ અવાજ મર્મસ્થાનમાંથી નીકળતો અને આપણા મર્મસ્થાનને ભેદી જતો. એ અવાજ એ ગાયકી સાંભળીએ ત્યારે થાય કે શા માટે બેગમ અખ્તર એ મલ્લિકા-એ-ગઝલ ગઝલ સામ્રાજ્ઞી છે.

કોણ છે આ બેગમ અખ્તર? બેગમ અખ્તર એ જ અખીરીબાઈ ફૈઝાબાદી. ૧૯૧૪ની સાતમી ઓકટોબરે ફૈઝાબાદના એક નાના ગામમાં જન્મેલા. પિતા અસગર હુસેન. તેમનું નાનપણનું હુલામણું નામ બીબ્બી. તેમની સાથે જ જન્મેલી જોડિયા બહેનનું નાનપણમાં જ મૃત્યુ થયું. બેગમ માટે તે પહેલો આઘાત. પિતાએ માતાને કદી પત્નીનો દરજ્જો ન આપ્યો. માતા નાનકડી અખીરને લઈ કલકત્તા ચાલી ગઈ. બેગમ અખ્તર હવે અખ્તરી સૈયદ બની. ગઝલ એમને એમ જ નથી ગવાતી. એ માટે વરસોની સૂર અને શબ્દની સાધના તાલીમ રિયાઝની જરૂર પડે. બેગમ અખ્તરે નાનપણથી શાસ્ત્રીય સંગીતની તાલીમ શરૂ કરી. પહેલાં સારંગીનવાઝ ઈમદાદખાન પાસેથી. તે પછી પતિયાલા ઘરાનાના આતા મહમદખાન અને કલકત્તામાં કિરાના ઘરાનાના અબ્દુલ વહીદખાન અને ઝંડેખાં જેવા ઉસ્તાદો પાસેથી વિધિવત્ તાલીમ લીધી. પંદર વરસની કુમળી વયે તેમના જાહેર ગાયને સરોજિનિ નાયડુ જેવાનું ધ્યાન ખેંચ્યું. નાની ઉંમરે જ તેમની ગઝલ, દાદરા ઠુમરીની રેકર્ડ બહાર પડી અખ્તરી ફૈઝાબાદીના નામે.

બોલતી ફિલ્મોના જમાનામાં ઈસ્ટ ઈન્ડિયા ફિલ્મ કંપનીમાં ઓગણીસ વરસની વયે 'નળ-દમયંતિ' ફિલ્મમાં કામ કર્યું. એ જમાના પ્રમાણે ફિલ્મોમાં ગીતો પણ તેમણે જ ગાયા. એ પછી 'મુમતાઝ બેગમ', 'જવાની કા નશા' અને ૧૯૪૨માં મહેબૂબ ખાનની 'રોટી' ફિલ્મમાં કામ કર્યું, જેના સંગીતકાર હતા અનિલ બિશ્વાસ. ફિલ્મનું ક્ષેત્ર છોડયું તો કાયમ માટે છોડયું. છેક ૧૯૫૮માં સત્યજીત રેના આગ્રહથી 'જલસાઘર' ફિલ્મમાં એક મહેફિલમાં ગાનારીના રોલમાં મહેમાન કલાકાર તરીકે દેખાયા. ૧૯૪૫માં બેરીસ્ટર ઈસ્તીયાક અહમદ અબ્બાસી સાથે બેગમ અખ્તરના લગ્ન થયા ને લખનૌ આવ્યા. લગ્ન પછી પતિએ ગાયન પર પ્રતિબંધ મૂકયો. સંગીત જ જેમને માટે પ્રાણ હોય તેના માટે તો આ બંધન અસહ્ય જ નીવડે. સંગીતના વિરહમાં જ માંદગીમાં પટકાયા. ચાર વરસની લાંબી માંદગી પછી તેમની સારવાર સંગીત થકી જ થઈ. ૧૯૪૯માં લખનૌ રેડિયો સ્ટેશન પરથી તેમનો કંઠ વહેતો થયો જે તેમના મૃત્યુ સુધી વહેતો રહ્યો.

**૧૯૪૫માં બેરીસ્ટર ઈસ્તીયાક અહમદ અબ્બાસી સાથે બેગમ અખ્તરના લગ્ન થયા ને લખનૌ આવ્યા. લગ્ન પછી પતિએ ગાયન પર પ્રતિબંધ મૂકયો. સંગીત જ જેમને માટે પ્રાણ હોય તેના માટે તો આ બંધન અસહ્ય જ નીવડે. સંગીતના વિરહમાં જ માંદગીમાં પટકાયા. ચાર વરસની લાંબી માંદગી પછી તેમની સારવાર સંગીત થકી જ થઈ. ૧૯૪૯માં લખનૌ રેડિયો સ્ટેશન પરથી તેમનો કંઠ વહેતો થયો જે તેમના મૃત્યુ સુધી વહેતો રહ્યો.**

લગ્ન સફળ ન થયા. જિંદગીમાં તેમનો લાભ લેનારા ઘણાં મળ્યા પણ કોઈ યોગ્ય હમનફસ હમનવા સાથી ન મળ્યો. એકલવાયી જિંદગી સિગરેટ અને શરાબના સાથમાં ગુજરી. વરસો સુધી સહન કરેલી એકલતા દર્દ અને ઘુટનને જાણે તેમની ગઝલમાં મુકિત મળતી. તેમની ગઝલ ગાયકીમાં દિલમાં નસ્તર મુકતું દર્દ ટપકતું હોવા છતાં સ્ટેજ પર ગાતી વખતે તેમના ચહેરા પર સતત એક આછું હાસ્ય ફરકતું રહેતું. સાથેના સાજીંદાઓને પણ કોઈ સમ કે કોઈ બારીક જગ્યા પર દાદ આપતા જાય ને ગાતા જાય. તેમની અદ્ભુત રવાનગીવાળી ગાયકીમાં ઉપરના સપ્તક પર ક્ષણાર્ધ પૂરતો તેમનો અવાજ ખૂબસુરત રીતે તરડાતો. જે સૂર પર એ અવાજ તરડાતો તે સૂર જાણે કે ધન્ય થઈ જતો અને એ તરડાયેલો સ્વર ચહેરા પરના તલની જેમ શોભતો. તેમની વહેતી ગઝલના પ્રવાહમાં તણાવ ન હતો પણ એક અદ્ભુત રવાનગી હતી. કયારેક ગઝલની બંદિશની મુખ્ય ધારામાંથી મીંડ ગમક ખટકા મુરકી બહેલાવ ફેલાવની અલગ અલગ ધારાઓ વહેતી અને નવા પ્રદેશનો ભાવસંભાર લઈ ફરી બંદિશની મુખ્ય ધારામાં ભળી જતી. સંગીત મરમી બચુભાઈ રાજા કહેતા કે કયારેક કોઈ બેઠકમાં કોઈ જુની ગઝલને સાવ નવી જ બંદિશમાં સજાવી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરી દેતાં. ખય્યામ જેવા સંગીતકારે બાંધેલી બંદિશમાં પણ તેઓ પોતાની ભાવપરક જગ્યાઓ શોધી લેતાં. તેમની ગઝલોની પસંદગી પણ વ્યાપક ને કલાસિક રહેતી.

ઉપશાસ્ત્રીય સંગીત તેમને ગળથૂથીમાં થી જ મળેલું. તેમના 'હમારા કહા માનો રાજાજી' કે 'કોપલિયા મત કર પુકાર' જેવા દાદરા કે 'ધીર કર આઈ બદરિયા હો રામ' જેવી કજરી કોણ ભૂલી શકે? ઠુમરી, દાદરા, કજરી, ચૈતી કે દોરી જેવી ભાવપ્રણવ ગાયકીને એવી રીતે તેઓ બહેલાવતા કે જાણે વિરહોત્કંઠિતા, પોષિતભતૃકા, ખંડિતા કે વાસકસજ્જા નાયિકાની પીડા કે લગન તેમની પોતાની બનીને આવતી અને એ રચનાના ભાવલોકમાં શ્રોતાઓને અનાયાસ જ પ્રવેશ મળી જતો.

૧૯૭૪માં ૩૦મી ઓકટોબરે અમદાવાદમાં એક મહેફિલમાં કોઈ ગઝલ ગાતી વખતે ઉપરના સૂર સુધી પહોંચવા તેમના ગળાએ શ્રમ લીધો અને એ શ્રમ જ તેમના ગળાને કાયમ માટે રૂંધવા કારણરૂપ બન્યો. ૩૦મી ઓકટોબરે ૬૦ વરસની જિંદગીનો પ્યાલો ભરપૂર પી આ દુનિયાની મહેફિલ છોડી ચાલ્યા ગયા.

આવા અવાજનું પૃથ્વી પર અવતરવું એ એક 'ફિનોમિનન'- અસાધારણ ઘટના હોય છે. આવા અવાજો કવચિત્ જ આપણને મળતા હોય છે. આપણે સદ્ભાગી કે એ અવાજ આપણા જમાનામાં વહેતો ગયો ને આપણને ધન્ય કરી ગયો. ગઝલ ગાયકીમાં તે પછી તો ઘણા કલાકારો આવી ગયા અને પરંપરિત ગઝલ ગાયકીએ પણ ઘણા ફેરફારો પ્રયોગો જોયાં. પણ, આ બધાં વચ્ચે જયારે ફરી બેગમ અખ્તરને સાંભળીએ છીએ ત્યારે થાય કે શું કહીએ? આહ! કે વાહ! કે કદાચ કશું જ નહીં, માત્ર સાંભળતા જ રહીએ.